મુખ્યસેવિકા વર્ગ-૩ નુ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણમંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક.આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૩૭૪-બ
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૪-૦૮-૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૦૮/૦૭/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક.ઉપધ/૧૦૨૦૧૬/૧૦૦૮/ડ

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીની તા.૦૫/૦૧/૧૬ ની દરખાસ્ત.

આમુખઃ-

વંચાણ (૧) ના ઠરાવથી ત્રિસ્તરીય પંચાયતોના વર્ગ-૩ ના કર્મચારીઓનુ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવામા આવેલ છે.

વંચાણ (૨) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, દ્વારા મુખ્યસેવિકાના પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવા દરખાસ્ત મળેલ છે. દરખાસ્તમા જણાવ્યા મુજબ મુખ્યસેવિકા જિલ્લા પંચાયત હેઠળ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિયંત્રણ હેઠળ ફરજ બજાવે છે. મુખ્યસેવિકાની સેવાપોથી તેમજ સેવાકીય તમામ વિગતો જિલ્લા કક્ષાએ રહે છે. તેમજ મુખ્ય સેવિકાનુ મહેકમ ૨૩૧૧ છે. જે ઉત્તરોત્તર વધે છે. જેથી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની આનુષાંગિક કાર્યવાહી માટે મુખ્યસેવિકાની સેવાપોથી તેમજ સેવાકીય રેકર્ડ જિલ્લા કક્ષાએથી મંગાવવામા ઘણો સમય નીકળી જાય છે. પરિણામે " કન્ટેમ્ટ ઓફ ધ કોર્ટ " થવાની શકયતાઓ રહેલી છે. મુખ્યસેવિકાના પ્રથમ

ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

મુખ્યસેવિકા એ પંચાયતના મહેકમ હેઠળ આવે છે. તેઓ પંચાયત હેઠળ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સીધા નિયંત્રણ હેઠળ ફરજ બજાવે છે. રાજ્યમાં મુખ્યસેવિકાઓનું કુલ ૨૩૧૧ નું મહેકમ છે. ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની પ્રક્રિયા ખૂબ જ ઝીણવટથી કરવાની અને લાંબો સમય માંગી લે તેવી નાણાકીય/વહીવટી બાબત છે. જિલ્લા કક્ષાએથી સેવાકીય વિગતો મંગાવવી, ચકાસણી કરવી તથા નિયત પ્રણાલિ મુજબ કાર્યવાહી હાથ ધરી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં અત્યંત વિલંબ થાય છે. જેથી મુખ્યસેવિકાનુ ઉચ્ચત્તર પગાર ધોરણ સમયમર્યાદામા મંજૂર કરી શકાતુ નથી. જેના કારણે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ અને દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની અનેક હાઈકોર્ટ મેટર થયેલ છે. પરિણામે સરકારશ્રીના સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થાય છે. તેમજ કર્મચારીને સમયસર હક્ક નહિ મળવાથી અસંતોષ પેદા થાય છે. જેની વિપરીત અસર તેઓની કામગીરી પર તથા સરકારશ્રીની યોજના પર થાય છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા મુખ્યસેવિકા એ પંચાયતનુ મહેકમ હોઈ, તેઓની સેવાપોથી તથા સેવાકીય રેકર્ડ જિલ્લા કક્ષાએ સહેલાઇથી ઉપલબ્ધ થતુ હોઈ, વહીવટની સરળતા ખાતર મુખ્યસેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવા નીચે મુજબ ઠરાવવામા આવે છે.

<u>ઠ રા વઃ-</u>

મુખ્યસેવિકા પંચાયતનુ મહેકમ હોઈ, તેઓની તમામ સેવાકીય વિગતો જિલ્લા કક્ષાએ રહેતી હોઈ, મુખ્યસેવિકાઓના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામા વધુ વિલંબ ન થાય અને વહીવટી પ્રક્રિયા વધુ સરળ તથા ઝડપી બની રહે તે હેતુસર કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે પંચાયત સેવાના વર્ગ -૩ ના કર્મચારી મુખ્યસેવિકાના પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા અંગેની સત્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવાનું ઠરાવવામાં આવે છે.

મુખ્યસેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે નીચે જણાવેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧) જે મુખ્યસેવિકાને તા.૧૪/૦૧/૧૯૯૩ પહેલા નોકરીમા ૯ વર્ષ પૂર્ણ થતા હોય તેઓને ખાતાકીય પરીક્ષાના નિયમો સરકારશ્રીના તા.૧૪/૦૧/૧૯૯૩ ના નોટીફિકેશનથી બનેલ હોઈ તેઓને પરીક્ષાના નિયમો લાગુ પડતા ન હોઈ, તેઓને ખાતાકીય પરીક્ષા પાસ કર્યા વગર નોકરીમા સળગ ૯ વર્ષ પૂર્ણ થયેથી પ્રથમ ઉપધો મળવાપાત્ર થાય છે.

(૨) જે કિસ્સામા કર્મચારીને નોકરીમા ૯ વર્ષ પૂર્ણ થયા તે પહેલા તેને પરીક્ષા પાસ કરવા માટે નિયત તક મળેલ છે., આમ છતા પરીક્ષા પાસ કરેલ નથી, તેવા કિસ્સામા કર્મચારી પરીક્ષા પાસ કરે તે તારીખથી મંજૂર કરવાનુ રહેશે.

(૩) જે કિસ્સામાં મુખ્યસેવિકા પ્રતિનિયુક્તિથી અન્ય કચેરી/વિભાગમા ફરજ બજાવતા હોય તેવા કિસ્સામા સંબન્ધિત મુખ્યસેવિકાનું મૂળ લીયન જ્યાં હોય એ જ કચેરી દ્વારા ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની કાર્યવાહી કરવાની રહેશે. જેથી એકરૂપતા અને સુસંગતતા જળવાય.

(૪) ઉચ્ચત્તર પગાર ધોરણ બાબતે ઘણા મુખ્યસેવિકાઓ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમા પીટીશન દાખલ કરવામાં આવેલ છે. આવા કિસ્સામા નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદાનો અનાદર ન થાય તે અનુસાર કાર્યવાહી કરવાની રહે છે. જે પીટીશનમા સરકારશ્રીને પાર્ટી બનાવેલ હોય તે કેસમા કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. આ ઠરાવ બહાર પડ્યાની તારીખ સુધીમાં આવા કોર્ટ કેસોમાં સંલગ્ન મુખ્ય સેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણની જેટલી દરખાસ્તો કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગમાં હોય તે તમામ દરખાસ્તો સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવશે.

(૫) મુદ્દા નં (૪) માં દર્શાવ્યા સિવાયની તમામ દરખાસ્તો અર્થાત ઠરાવ બહાર પડ્યા પછીની દરખાસ્તો/કોર્ટ કેસમાં સંલગ્ન ન હોય તવી દરખાસ્તો પરત્વે જિલ્લા/મ્યુ. કોર્પોરેશન કક્ષાએ કાર્યવાહી કરવાની રહેશે. સંબંધિત જિલ્લા/મ્યુ. કોર્પોરેશનની આઇ.સી.ડી.એસ. કચેરી દ્વારા મુખ્ય સેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. દરખાંસ્તો તૈયાર કરી જિલ્લા/મ્યુ. કોર્પોરેશન કક્ષાએ રચાયેલ સક્ષમ સમિતીની ભલામણ માટે મૂકવાની રહેશે. સમિતીની ભલામણના આધારે જિલ્લા વિકાસ

અધિકારીશ્રી/મ્યુનિસીપલ કમિશ્નરશ્રી કક્ષાએથી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાના આદેશ કરવાના રહેશે.

(૬) મુખ્યસેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્ત પંચાયતોના વર્ગ -૩ના કર્મચારી માટેના નિયત પત્રકમાં અને નિર્દેશ કરેલ પ્રણાલિ મુજબ કરવાની રહેશે. મુખ્યસેવિકાને જે તારીખે ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તે પહેલાના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ – કામગીરી મૂલ્યાંકન અહેવાલ, ખાતાકીય તપાસની વિગતો ધ્યાને લેવાની રહેશે.

(૭) આ ઠરાવ બહાર પડયેથી ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / તમામ મહાનગરપાલિકા ના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ દ્વારા સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ અને તા.૨/૭/૨૦૦૭ ના સ્થાયી ઠરાવનો ચુસ્તપણે અમલ કરી, વખતો વખત સરકારશ્રી દ્વારા આપવામાં આવતી સુચનાઓને ધ્યાને લઇ આ ઠરાવનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૫/૮/૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી,(પંચાયત) સ્વર્ણિમ સંકુલ – ૨,સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.સંસદીય સચિવશ્રી,(મ.બા.ક)ના અંગત સચિવશ્રી બ્લોક નં.૨/૫મો માળ,સચિવાલય, ગાંધીનગર.

Supervisor(Mukhya Sevika)s, who have not



## SCHEDULE-1

(Vide Para 3(3) and 3(8) of the Scheme)

| S. No. | Existing scale Rs. | Higher Grade Scale Rs. |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 1. | 750-940 | 775-1025 |
| 2. | 775-1025 | 800-1150 |
| 3. | 800-1150 | 950-1400 |
| 4. | 825-1200 | 975-1660 |
| 5. | 950-1400 | 1200-1800 |
| 6. | 950-1500 | 1200-2040 |
| 7. | 975-1660 | 1320-2040 |
| 8. | 1150-1500 | 1320-2040 |
| 9. | 1200-1800 | 1350-2200 |
| 10. | 1200-2040 | 1400-2600 |
| 11. | 1320-2040 | 1400-2600 |
| 12. | 1350-2200 | 1600-2660 |
| 13. | 1400-2300 | 1640-2900 |
| 14. | 1400-2600 | 1640-2900 |
| 15. | 1600-2660 | 2000-3200 |
| 16. | 1640-2900 | 2000-3500 |
| 17. | 1740-3000 | 2000-3500 |
| 18. | 2000-3800 | 2200-4000 |
| 19. | 2000-3500 | 2200-4000 |

## SCHEDULE 1

## [VIEW SCHEME PARAGARPH NOS. 3(1) AND 2(16)]

| No. | Present pay grade (Rs.) | Higher pay grade (Rs.) |
|---|---|---|
| 1 | 2500-3200 | 2610-3540 |
| 2 | 2610-3540 | 2650-4000 |
| 3 | 2650-4000 | 3050-4590 |
| 4 | 2750-4400 | 3200-4900 |
| 5 | 3050-4590 | 4000-6000 |
| 6 | 3200-4900 | 4000-6000 |
| 7 | 4000-6000 | 4500-7000 |
| 8 | 4500-7000 | 5000-8000 |
| 9 | 5000-8000 | 5500-9000 |
| 10 | 5500-9000 | 6500-10500 |
| 11 | 6500-10500 | 8000-13500 |

મુખ્યસેવિકા વર્ગ-૩ નું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણમંજૂર
કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક.આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૪૩૭૪-બ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૨-૦૧-૨૦૧૮

વંચાણે લીધાઃ- વિભાગનો તા.૧૪/૮/૨૦૧૭નો સરખા ક્રમાંકનો ઠરાવ.

સુ ધા રા ઠ રા વઃ-

ઉપર આમુખમાં દર્શાવેલ આ વિભાગના તા.૧૪/૮/૧૭ના ઠરાવમાં સુચના (૭) હેઠળ નીચે મુજબના ફકરો ઉમેરીને વાંચવું.

" મુખ્ય સેવિકા વર્ગ-૩ના કિસ્સામાં નિયમોની જોગવાઇ મુજબ બઢતીની જગ્યાનું નહિ પરંતુ ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાના ઠરાવ સાથેની અનુસૂચિ-૧ મુજબ ચોથા પગાર પંચ મુજબ, મુખ્ય સેવિકા વર્ગ-૩ના પગાર ધોરણ રૂ.૧૪૦૦-૨૩૦૦ની સામે અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦નું તથા પાંચમા પગાર પંચ મુજબ તેમના પગાર ધોરણ રૂ.૪૫૦૦-૭૦૦૦ની સામે અનુસૂચિ-૧ મુજબ રૂ.૫૦૦૦-૮૦૦૦નું પગાર ધોરણ મળવાપાત્ર થાય છે." આ સિવાયની અન્ય શરતો યથાવત્ રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગના સચિવશ્રી(આ.બા.)ની તા.૧૨/૧૨/૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

A Christian

(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,
- માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી,(પંચાયત) સ્વર્ણિમ સંકુલ – ૨,સચિવાલય,ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
-સચિવશ્રી(આ.બા.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-નાયબ સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
-કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
-વિકાસ કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
-નિયામકશ્રી(આઇસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
-સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
-સબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
-સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રીઓ,
-સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
-નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર મુજબવા બાબત.
-નાયબ સેકશન અધિકારી
-શાખા સિલેકટ ફાઇલ.

૨૨/૧/૧૮

ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૧૭/૪૪૪૩૭૪/બ-૧,
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૬/૦૪/૨૦૧૯.

પ્રતિ,
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
જિ.

વિષય – મહિલા અને બાળ વિકાસ હેઠળ ફરજ બજાવતાં બાળ વિકાસ યોજના અધિકારી / મુખ્ય સેવિકાને નવ વર્ષે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે આ સાથે હિસાબ અને તિજોરી નિયામકની કચેરીનો તા.૨૨/૦૩/૨૦૧૯ના પત્ર ક્રમાંક:દ્વિતિય /પી.વી.યુ./ફા.નં.૧૪/ ૨૦૧૯/૧૧૦ મોકલી આપતાં જણાવવાનું કે, પત્રમાંની વિગતોએ વિભાગના તા.૧૪/૦૮/૨૦૧૭ અને તા.૨૨/૦૧/૨૦૧૮ના ઠરાવ ઉપરાંત નીચે મુજબની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) અગાઉ રૂ.૬૫૦૦-૧૦૫૦૦/ના પગાર ધોરણમાં મળેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રદ કરી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રીવાઇઝડ કરવાની તથા નિયમ વિરુધ્ધ ROP-2009/ROP-2016ની પગાર બાંધણી થયેલ હોય તો ROP-2009/ROP-2016ની પગાર બાંધણી રદ કરવાની રહેશે.

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રીના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુરી આદેશ તથા સેવાપોથીમાં કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે તેના સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૩) જે હુકમો મહિલા અને બાળ વિકાસ વિભાગે રદ કે રીવાઇઝ કરવાના થતાં હોય તેની સ્પષ્ટ દરખાસ્ત કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી મારફત મહિલા અને બાળ વિકાસ વિભાગને કરવાની રહેશે.

આપની વિશ્વાસુ,

ARChristian 16/4/19
(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

બિડાણ – ઉપર મુજબ

૫૧૪૭૫-

**નકલ રવાના** – -સંયુકત નિયામકશ્રી,હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,વિમા અને લેખા ભવન,બ્લોક નં.૧૭,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર. ૩૮૨૦૧૦.આપના તા.૨૨/03/૨૦૧૯નો પત્ર ક્રમાંક: દ્વિતિય/ પી.વી.યુ./ક્ષા.નં.૧૪/ ૨૦૧૯/૧૧૦ અન્વયે જાણ સારું.

-નિયામકશ્રી(આઇસીડીએસ),કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર. આ સાથે હિસાબ અને તિજોરી નિયામકની કચેરીનો તા.૨૨/03/૨૦૧૯નો પત્ર ક્રમાંક: દ્વિતિય/પી.વી.યુ./ક્ષા.નં.૧૪/ ૨૦૧૯/૧૧૦ મોકલી આપતાં જણાવવાનું કે પત્રમાંની વિગતોએ આપની કક્ષાએથી તાત્કાલિક સુચના આપવા વિનંતી છે.

૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૨૨૨૮ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૨૨૨૮ (હિસાબી અધિકારી)
૨૩૨૫૫૮૬૪ (પી.વી.યુ. બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય
વિમા અને લેખા ભવન, બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-ao2pvu-dat-gnr@gujarat.gov.in

નં. હિતિનિ/PVU/ફા.નં.૧૪/૨૦૧૯/ ૯૯૦ તા. ૨૨/03/૨૦૧૯

મહિલા અને બાળ વિકાસ વિભાગ
26 MAR 2019
G
18492

પ્રતિ,

કમિશનરશ્રી,

મહિલા અને બાળ વિકાસની કચેરી,

બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર.

**વિષય:** મહિલા અને બાળ વિકાસ હેઠળ ફરજ બજાવતા મુખ્ય સેવિકા વર્ગ-૩ને નવ વર્ષે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

**સંદર્ભ:** (૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૪-૦૮-૧૭ના ઠરાવ ક્રમાંક: આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૪૩૭૪-બ.

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૨-૦૧-૧૮ના સુધારા ઠરાવ ક્રમાંક: આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૪૩૭૪-બ.

મહાશય,

ઉપરોક્ત વિષયે મહિલા અને બાળ વિકાસ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ ઠરાવથી મુખ્ય સેવિકા વર્ગ-૩,ના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની સત્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત થયેલ છે તથા મુખ્ય સેવિકા વર્ગ-૩,ના કિસ્સામાં નિયમોની જોગવાઈ મુજબ બઢતીની જગ્યાનું નહિ, પરંતુ ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાના ઠરાવ સાથેની અનુસૂચિ-૧ મુજબ તા.૧-૦૧-૮૬,થી ચોથા પગારપંચ મુજબ મુખ્ય સેવિકા વર્ગ-૩,ના પગાર ધોરણ રૂ.૧૪૦૦-૨૩૦૦/- સામે અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦/-નું તથા તા.૧-૦૧-૯૬,થી પાંચમા પગારપંચ મુજબ રૂ.૪૫૦૦-૭૦૦૦/-સામે અનુસૂચિ-૧ મુજબ રૂ.૫૦૦૦-૮૦૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેવી જોગવાઈ થયેલ છે.

વિભાગ દ્વારા ઉપરોક્ત જોગવાઈ થયા પહેલાં વિભાગના અલગ-અલગ આદેશથી મુખ્ય સેવિકા વર્ગ-૩,ને રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ છે. જેની પગાર બાંધણી ચકાસણી પણ એલ.એફ. કચેરી દ્વારા થયેલ છે. હવે ઉપરોક્ત જોગવાઈ મુજબ મુખ્ય સેવિકાના કેસમાં રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં અગાઉ

પ્ર૨/બ૧૨
૨૭/૩/૧૯
Pl put up
૨૯/૩/૧૯

મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રદ કરવાનું થાય, તેમ છતાં રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણનો પગાર ધ્યાને લઈ જિલ્લા કચેરી દ્વારા આર.ઓ.પી.-૨૦૧૬ની પગાર બાંધણી ચકાસણી અર્થે ઓનલાઈન કેસ આ કચેરી ખાતે રજુ કરવામાં આવે છે. જેથી વધુ ચુકવાયેલ પગાર-ભથ્થાંની વસુલાતના પ્રશ્નો ઉભા થયેલ છે. વિભાગના સંદર્ભમાં દર્શાવેલ ઠરાવ મુજબ અગાઉ રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-ના પગાર ધોરણમાં મળેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રદ કરી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રીવાઈઝ કરવાની તથા નિયમ વિરૂધ્ધ આર.ઓ.પી.-૨૦૦૯/આર.ઓ.પી.-૨૦૧૬ની પગાર બાંધણી થયેલ હોય તો આર.ઓ.પી.-૨૦૦૯/આર.ઓ.પી.-૨૦૧૬ની પગાર બાંધણી રદ કરવાની સૂચના આપની તાબાની કચેરીને પાઠવવા વિનંતી છે

૨. વિભાગના તા.૧૪-૦૮-૧૭ના ઠરાવની સૂચના નં.(૧) તથા (૨)થી તા.૧૪-૦૧-૯૩ પહેલા પાત્રતા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેમજ તા.૧૪-૦૧-૯૩ બાદ નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ ન હોય તે કેસમાં ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેમ જણાવેલ છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુરી આદેશમાં કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે તે જણાવેલ હોતું નથી તથા સેવાપોથી નોંધમાં પણ કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે તે અંગેની નોંધ થયેલ હોતી નથી. જેથી જિલ્લા વિકાસ અધિકારીશ્રીના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુરી આદેશ/સેવાપોથી નોંધમાં કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાની સૂચના આપની તાબાની કચેરીને પાઠવવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

સંયુક્ત નિયામક

નકલ સવિનય રવાના પ્રતિ,

(૧) ઉપસચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, બ-શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી, બ્લોક નં.૧૮. ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) હિસાબી અધિકારીશ્રી/કર્મચારીશ્રી, પગાર ચકાસણી એકમ, ગાંધીનગર તરફ જરૂરી કાર્યવાહી સારૂ.